# મનપાની કચેરી આજે ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરી આજે રજાના દિવસે પણ મિલ્કતવેરાની બાકી વસુલાત માટે કાર્યરત રહેશે.

ગાંધીનગર મહાનગર પાલિકાનો મિલ્કતવેરા માટે અત્યાર સુધીમાં ૨૦ કરોડ ૩૦ લાખની આવક થઈ છે. જો કે મનપાના તંત્રએ આ આવકનો અંદાજ રૂ. ૩૦ કરોડ જેટલો રાખ્યો હતો.

મનપાના તંત્રે લક્ષ્યાંક સુધી પહોંચવા માટે છેલ્લી ઘડી સુધી સિલીંગ અને નોટીસો ફટકારવાની કામગીરી કરી છે. આ આંકને પહોંચવાના ભરચક પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે. રજાના દિવસે પણ કનેક્શન માટે ખાસ કચેરી ચાલુ રાખવા માટેનો નિર્ણય કર્યો છે.

મનપા ચાલુ વર્ષના આવકના એક પણ અંદાજોમાં સો ટકા સુધી પહોંચી શક્યુ નથી. જો કે હવે ૧લી એપ્રિલથી વેરાના નવા દર અમલી બનશે એટલે તંત્રની કામગીરીમાં પણ નવો ઉમેરો થશે.

મનપાના મિલ્કતવેરામાં સરકારના માર્ગ મકાન વિભાગની જ સૌથી વધુ બાકી બોલે છે. આ ઉપરાંત ખાનગી મિલ્કતો પણ થોડીક બાકી છે. જે ઉલ્લેખનીય છે.



ગાંધીનગરમાં ભગવાન મહાવીર જન્મજયંતિ કલ્યાણકની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે શહેરના સેકટર-૨૨ના જૈન દેરાસરથી ભવ્ય શોભાયાત્રા નીકળી શહેરના માર્ગો પર ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુ પરિવારો જોડાયા હતા અને 'તિશલા નંદન મહાવીર કી જય'ના સુત્રો પોકાર્યા હતા. આ ઉપરાંત જૈન દેરાસર બોરી ખાતે પણ મહાવીર જયંતિ નિમિત્તે આંગી યોજાઈ હતી. મોટી સંખ્યામાં જૈન શ્રાવકોએ આંગીના દર્શનનો લાભ લીધો હતો.

# પિંડાયડા નજીક અર્બન ઈકો પાર્ક આકાર લેશે

**૬૮ હેક્ટર વિસ્તારમાં આ બનશે એક અદ્‌ભુત ટુરિસ્ટ પોઈંટ : અહિ ૨૮ જાતના વૃક્ષો હાલ હયાત છે : ૧૦૦ થી વધુ જાતો ઉછેરાશે**

ગાંધીનગર, તા. ૨૯

અર્બન ઈકો(પાર્ક) ગાર્ડન વન વિભાગ દ્વારા ગાંધીનગર નજીક આવેલ પિંડાયડા ગામ ખાતે બનાવવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ માટે ૬૮ હેક્ટર જેટલી જમીનની ફાળવણી કરતા હુકમો પણ કરી દેવામાં આવ્યા છે. પિંડાયડા નજીક આવેલ આ જગ્યા પર વન વિભાગ દ્વારા રૂ. ૫ કરોડના ખર્ચે આ ઈકો પાર્ક બનાવવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જે જગ્યા ઈકો પાર્ક માટે નીમ કરવામાં આવી છે તેમાં હાલ ૨૮ જાતની વનરાજી તો આવેલી છે. જે માનવજીવન માટે અતિ મહત્વની છે. વન વિભાગ દ્વારા આ ઈકો પાર્કમાં ૧૦૦થી પણ વધુ જાતિના વૃક્ષોનું વાવેતર કરવા ઉપરાંત વાંસની પણ આધુનિક ખેતીનું આયોજન વિચારવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેર જે રીતે વિકાસ પામી રહ્યુ છે તે જોતાં આ વિસ્તાર શહેરની નજીક છે અને તે એક અદ્‌ભુત ટુરીસ્ટ પોઈન્ટ તરીકે વિકસે તે માટેનું પણ આયોજન વન વિભાગ દ્વારા કરવામાં આવશે. આ પાર્કમાં લેન્ડસ્કેપીંગનો પણ સહારો લઈ અને વિવિધ રાઈડો મુકવાની બાબત પણ વિચારાધીન હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

વન વિભાગના અધિકારીઓ દ્વારા સાઈટ નીરીક્ષણ થઈ ગયુ છે અને આ માટે પ્રાથમિક તબક્કે રૂ. ૫ કરોડની ફાળવણીનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રથમ ફેન્સીંગ અને આનુસંગિક કામગીરી કરી વિવિધ વૃક્ષોના ઉછેર માટેની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

વન વિભાગના સૂત્રોએ પણ સ્વીકાર્યુ છે કે આ ઈકો પાર્ક બે થી ત્રણ તબક્કામાં વિકસાવવાનુ આયોજન હાલ વિચારાધીન છે.

ગાંધીનગર નજીક આ ઈકોપાર્ક નગરનું જ નહિ પણ જિલ્લાનું આકર્ષણ કેન્દ્ર બનશે. આ ઈકો પાર્ક બનતાં જિલ્લાના વન વિસ્તારમાં પણ વધારો થશે. હમણાં જ વિધાનસભાગૃહમાં જિલ્લામાં ૨૩૦૦ હેકટરથી વધુ વિસ્તારમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર હોવાનુ જણાવ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.

# જિલ્લામાં ગુણોત્સવ માટે ૬૮ રૂટ બનાવાશે

**મૂલ્યાંકનમાં અત્યાર સુધી બચતી રહેલી ૨૨ શાળાઓનો પણ રૂટમાં સમાવેશ કરાશે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ માટે ૬૮ જેટલા રૂટો જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

આગામી ૬ અને ૭ એપ્રિલે યોજાનાર આ ગુણોત્સવના આખરી આયોજનને ઓપ આપવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતના મૂલ્યાંકન માટે રાજ્ય સરકારના અધિકારીઓ પદાધિકારીઓ ઉપરાંત જિલ્લાકક્ષાના અધિકારીઓને પણ જોતરવામાં આવનાર છે. રાજ્ય સરકાર દ્વારા ૧લી એપ્રિલની આસપાસ કયા અધિકારીઓ અને પદાધિકારીઓ રાજ્યકક્ષાએથી આવશે તેની યાદી સુપ્રત કરશે તેમ મનાઈ રહ્યું છે.

દર વખતે યોજાતા ત્રિદિવસીય ગુણોત્સવને બદલે આ વખતે બે દિવસીય ગુણત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે એટલુ જ નહિ ૨૦ટકા જેટલી શાળાઓને ગુણોત્સવ દરમ્યાન આવરી લેવામાં આવશે. જિલ્લામાં ૨૨ શાળાઓ એવી છે જ્યાં આજ સુધીના તમામ ગુણોત્સવમાં એક પણ વખત મૂલ્યાંકન થયુ નથી. આ શાળાઓને આ વખતના ગુણોત્સવમાં આવરી લેવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં આમ તો ગુણોત્સવના પરિણામોમાં સુધારો થતો રહ્યો હોવાથી આ વખતે પણ તકલીફ નહિ પડે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ ધરાવી રહ્યા છે. આ વખતે ગુણોત્સવમાં સૌથી મોટો ફાયદો એ થશે કે દ્વિતીય સત્રનું મૂલ્યાંકન પણ ગુણોત્સવ પછી તરત જ થવાનું હોવાથી વિદ્યાર્થીઓ પણ પુરતી રીતે સજ્જ હશે. જો કે તંત્ર દ્વારા આ માટે શિક્ષકોને સંપૂર્ણ રીતે સજ્જ રહેવા માટે જણાવી દેવામાં આવ્યું છે.

# સેક્ટર-૧૬ દેનાબેંકના બીજા કૌભાંડો બહાર આવે તેવી શક્યતા

**સામાન્ય લોન હોય તો પણ પચ્ચાસ વેરીફીકેશન કરતી બેંક આટલી મોટી રકમ એમ જ કોઈને આપી દે તે માની શકાય તેમ નથી. બેંક કર્મીઓની સંડોવણી આ કૌભાંડોમાં હોય તેવી શક્યતાને આધારે પણ તપાસ ચાલી રહી છે.**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સસ્પેન્ડેડ હેડ કોન્સ્ટેબલ નિર્ભયસિંહ રાવ એન્ડ કંપની દ્વારા સેક્ટર-૧૬ દેનાબેંક શાખામાંથી પાંચ કરોડની લોન લઈને બેંકમાં રૂપિયા ન ભરી પાંચ કરોડનો ચુનો લગાડ્યો હોવાનું કૌભાંડ બહાર આવ્યુ છે. સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ સે. ૧૬ દેનાબેંકનું આ પહેલુ જ કૌભાંડ બહાર આવ્યુ નથી. સ્ટાફ આવી આશંકા સેવાઈ રહી છે. પોલીસ તે દિશામાં પણ તપાસ ચલાવી રહી છે.

દેનાબેંકની સેક્ટર-૧૬ની શાખામાંથી પાંચ કરોડ રૂપિયાની નાંખ્યુ હોવાનુ બહાર આવ્યુ છે. આ મામલે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ત્રણેક શખ્સો સામે ગુનો દાખલ થવા પામ્યો છે.

સુત્રોના જણાવ્યાનુસાર પોલીસને આપવામાં આવી છે. પોલીસ ખરાઈ કરીને આ મામલે પણ તબક્કાવાર ગુના દાખલ કરશે. સામાન્ય લોન હોય તો પણ પચ્ચાસ વેરીફીકેશન કરતી

**નિર્ભયસિંહ રાવ એન્ડ કંપનીનુ સવા પાંચ કરોડનું કૌભાંડ દાખલ થયુ : અન્ય આવા કરોડોના ત્રણેક કૌભાંડ હજી બહાર આવશે : બેંકના કર્મચારીની મીલીભગતની આશંકા**

છે. આવા અન્ય કરોડો રૂપિયાના અન્ય ત્રણેક કૌભાંડો બહાર આવે તેવી શક્યતા છે. જે અરજી સ્વરૂપે હજુ પોલીસ સુધી પહોંચ્યા છે. બેંકના કોઈ કર્મચારીની મીલીભગત હોવાની લોન લઈ સેક્ટર-૧માં એક રહેણાંક મકાનમાં કાગળ ઉપર બોગસ કંપની બનાવી સસ્પેન્ડડ હેડ કોન્સ્ટેબલ નિર્ભયસિંહ રાવ સહિત ત્રણ શખ્સોએ બેંકનું પાંચ કરોડથી વધુ રકમનું ફુલેકુ ફેરવી દેનાબેંક સાથેની કરોડોની ચીટીંગનું તો આ પ્રથમ પ્રકરણ બહાર આવ્યુ છે. આવા કૌભાંડો હજુ પણ થયા છે. અન્ય ત્રણેક કૌભાંડો કે જે કરોડો રૂપિયાના છે તેની પણ અરજી બેંક મારફતે બેંક આટલી મોટી રકમ એમ જ કોઈને આપી દે તે માની શકાય તેમ નથી. બેંક કર્મીઓની સંડોવણી આ કૌભાંડોમાં હોય તેવી શક્યતાને આધારે પણ તપાસ ચાલી રહી છે.

# આજે વડાપ્રધાન નૈરોબીમાં વસતા કચ્છી સમુદાયને નવી દિલ્હી પી.એમ હાઉસથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સંબોધશે

ગાંધીનગર, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે શુક્રવારે ૩૦ માર્ચે નૈરોબીમાં વસતા કચ્છી સમુદાયને ભારતીય સમય મુજબ બપોરે ૧૨.૩૦ વાગ્યે (નૈરોબી સમય સવારે ૧૦.૦૦ વાગ્યે) નવી દિલ્હીના પ્રધાનમંત્રી નિવાસથી વીડિયો કોન્ફરન્સ સંબોધન કરશે.

પૂર્વ આફ્રિકી દેશ કેન્યાનાં નૈરોબીના શ્રી કચ્છી લેઉવા પટેલ સમાજના વેસ્ટ કોમ્પ્લેક્ષના ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિતે સિલ્વર જયુબિલી સેલિબ્રેશનનો આવતીકાલે પ્રધાનમંત્રીનાં સંબોધનથી પ્રારંભ થશે. વડાપ્રધાનનું આ સંબોધન ગુજરાતની પ્રાદેશિક ચેનલ્સ પરથી પણ પ્રસારિત થશે.

પ્રધાનમંત્રીના આ સંબોધનને સાંભળવા દરિયા પારના દેશમાં વસતા કચ્છીઓમાં અત્યારથી જ અત્યન્ત ઉત્સાહ પ્રવર્તે છે.

આગામી ૨ એપ્રિલ સુધી ચાલનારી આ ઉજવણી દરમિયાન કચ્છી લેઉવા પટેલ સમાજ દ્વારા મેડિકલ કેમ્પ, સ્પોર્ટ્સ અને કલ્ચરલ એકિટવિઝ તેમજ ઈન્ટરનેશનલ લીડર્સ ફોરમ જેવા બહુવિધ કાર્યક્રમો યોજાશે.

૧૯૯૩માં નિર્માણ થયેલા આ વેસ્ટ કોમ્પલેક્ષમાં શિક્ષણ, આરોગ્ય અને આવાસ સેવાનો મહત્વાકાંક્ષી પ્રારંભ થયો છે.








ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧, ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫, સબ-વેની બાજુમાં, આશરે ૨૩૩ ચો. ફુટ
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર, જલારામ આઈસ ફેક્ટરીની સામે, ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)
મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com